શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ

॥ सुयं मे आउसं ॥

વિક્રમ સંવત ૨૦૭૭ • વર્ષ-૫ • અંક-૧ • જૂન ૨૦૨૧

## ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવર : એક ઝલક

**મુનિશ્રી વૈરાગ્યરતિવિજય ગણિ**

આજથી લગભગ ૩૬૯ વરસ પહેલા વિક્રમ સંવત ૧૭૦૮માં (ઈ.સ. ૧૬૫૨) વૈશાખ સુદ પાંચમના દિવસે જૂનાગઢના જૂના ઉપાશ્રયમાં દસ-બાર મહાત્માઓ વિરાજતા હતા. તેમાં વડિલ **ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજ** હતા. તેઓ પોતાના સમયના ઉચ્ચ કોટિના વિદ્વાન હતા. ભારત ઉપર ત્યારે બાદશાહ જહાંગીરના ત્રીજા પુત્ર શહાબુદ્દીન મહમ્મદ કિરાની **શહાજહાંનું** શાસન હતું. ચારે બાજુ મુસલમાનોનું સામ્રાજ્ય હતું. જગદ્ગુરુ આચાર્ય **શ્રીહીરવિજયસૂરિજી** મહારાજે બાદશાહ અકબરને પ્રતિબોધ કરીને જૈન સંઘની આરાધનાને નિરાબાધ કરી હતી. દેશમાં જૈન શ્રમણોનું વિચરણ આસાન બન્યું હતું, મંદિરમાં પૂજા ચાલુ થઇ હતી, તીર્થો પર કર લેવાના બંધ થયા હતા, પશુહત્યાઓ ઓછી થઇ હતી. તે વખતે જૈન સંઘમાં ઘણા મતભેદો હતા પણ લગભગ આખો તપાગચ્છ સંઘ ભટ્ટારક આચાર્ય **શ્રીવિજયદેવસૂરિજી** મહારાજની આજ્ઞામાં હતો. તે સમયમાં ઉપાધ્યાય પદવી મળવી એ બહુ મોટું બહુમાન કહેવાતું. જે ભણી-ભણાવી શકતા હોય, શાસ્ત્રરચના કરતા હોય તે જ ઉપાધ્યાય પદને યોગ્ય ગણાતા. સ્વયં ભટ્ટારક આચાર્ય પણ તેઓને પૂછીને કાર્ય કરતા.


ઉપાધ્યાયજી શ્રી **વિનયવિજયજી** મહારાજનું નામ મોટું હતું. કેમ કે, તેમની ગુરુપરંપરા મહાન હતી. ઉપલબ્ધ ઈતિહાસ અનુસાર બાદશાહ **અકબર**ના સમયમાં વિ.સં. ૧૫૯૪થી વિ.સં. ૧૬૬૮ (ઇ.સ.૧૫૩૭ થી ૧૫૫૪) સુધી બાદશાહ **મહમ્મદ** (ચોથો) અમદાવાદનો સૂબો હતો. અમદાવાદની પાસે વિરમગામમાં પોરવાડ જ્ઞાતિના **વીરજી** અને **સહસ્રકિરણ** તેના પ્રધાન હતા. સહસ્રકિરણને **ગોપાલ** અને **કલ્યાણ** નામના બે પુત્ર તથા **વિમલા** નામની પુત્રી હતી. તે ત્રણેએ વિ. સં. ૧૬૩૧માં આચાર્ય શ્રીહીરવિજયસૂરિજી પાસે દીક્ષા લીધી. આગળ જતાં તેઓ **ઉપાધ્યાય શ્રીસોમવિજયજી ગણિવર, ઉપાધ્યાયશ્રી કીર્તિવિજયજી ગણિવર** અને પ્રવર્તિની **સાધ્વીશ્રી વિમલશ્રીજી** નામે પ્રસિદ્ધ થયા.

**ઉપાધ્યાય શ્રીસોમવિજયજી ગણિવરે** આજીવન આચાર્ય **શ્રીહીરવિજયસૂરિજી**ની સેવા કરી હતી. તેમણે આચાર્યશ્રીને દશવૈકાલિક સૂત્ર અને ઉત્તરાધ્યયન સૂત્ર સંભળાવ્યાં હતાં.અંત સમયે આચાર્ય ભગવંતે અનશન કરવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે ઉપાધ્યાય શ્રીસોમવિજય ગણિએ ઘણો વિલાપ કર્યો હતો. તેઓ અને ઉપાધ્યાય શ્રીવિમલહર્ષ ગણિવર આચાર્ય શ્રીહીરવિજયસૂરિના અમાત્ય જેવા હતા. ઉપાધ્યાય શ્રી સોમવિજયજી ગણિવર વિદ્વજ્જનોને માન્ય હતા. મંત્રણા કરવામાં વિશ્વસનીય હતા. બધા સાધુઓને પ્રિય હતા. શાસ્ત્રોના અર્થોને જાણતા હતા. આચાર્ય શ્રીહીરવિજય સૂરિજીના સમુદાયનું આભૂષણ હતા. મુનિજનોને માન્ય હતા. આચાર્ય શ્રીહીરવિજયસૂરિજી મહારાજ મહાવીર સ્વામી જેવા હતા તો ઉપાધ્યાય શ્રીસોમવિજયજી ગણિવર ગૌતમસ્વામી જેવા હતા

**ઉપાધ્યાય શ્રીકીર્તિવિજયજી ગણિવર**નું ચારિત્ર આશ્ચર્ય જન્માવે તેવું હતું. તેઓ ભણાવવામાં અતિ કુશળ હતા. તેમનો વૈરાગ્ય ઉત્કટ હતો. તેઓ વ્યાકરણ, તર્ક, સિદ્ધાંત, કાવ્ય આદિ શાસ્ત્રોમાં નિપુણ હતા. તેઓ હંમેશા પરોપકારમાં નિરત રહેતા. તેઓ સંવિગ્ન, અપ્રમત્ત અને શાસ્ત્ર સંશોધક હતા.

તે જમાનામાં મહાત્માઓ કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરીને કવિ બનતા, ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરીને દાર્શનિક બનતા, વ્યાકરણશાસ્ત્રનો અભ્યાસ કરીને ભાષાના જાણકાર બનતા, જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ કરીને જ્યોતિષી બનતા, પ્રકરણગ્રંથો અને કર્મગ્રંથોનો અભ્યાસ કરીને તત્ત્વજ્ઞાની બનતા. ઉપાધ્યાય **શ્રીકીર્તિવિજયજી** ગણિવર આ તમામ વિદ્યાશાખામાં પ્રવીણ હતા જ, વિશેષમાં તેમને આગમોનો સઘન અભ્યાસ હતો. વિ.સં. ૧૬૯૦માં ઉપાધ્યાય **શ્રીકીર્તિવિજયજી** ગણિવરે આચાર્ય **શ્રીવિજયઆનંદસૂરિજી**ના આદેશથી પીસ્તાલીસ આગમમાંથી મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ તારવી વિચારરત્નાકર નામનું શાસ્ત્ર બનાવ્યું હતું. આ ગ્રંથનું નિર્માણ તેમની દીક્ષાના સાઈઠમા (૬૦)વર્ષે થયું હતું. ઉપાધ્યાયશ્રી કીર્તિવિજયજી ગણિવરે **હીરપ્રશ્નનું** સંકલન કર્યું. તેમાં આચાર્ય શ્રીહીરવિજયસૂરિને પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબોનો સંગ્રહ છે.

તેમણે વિ.સં. ૧૬૭૨માં ગુજરાતના કોઇ અજ્ઞાત ગામના **તેજપાલ** અને **રાજશ્રીના** દીકરાને દીક્ષા આપી તેનું નામ **શ્રીવિનયવિજયજી** રાખ્યું. તેમને વ્યાકરણના જાણકાર બનાવ્યા, કવિ બનાવ્યા. ખાસ તો આગમના પારગામી વિદ્વાન બનાવ્યા. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવર દેખાવમાં સુંદર હતા. શ્રીપાળ રાજાના રાસમાં ઉપાધ્યાય શ્રીયશોવિજયજી ગણિવર તેમના માટે લખે છે કે- તેમનું શરીર સામુદ્રિક લક્ષણો ધરાવતું હતું. **(લક્ષણ લક્ષિત દેહાજી.)** વિદ્યા, વિનય, વિવેક, વિચક્ષણતા જેવા આંતરિક ગુણોના સ્વામી હતા. તેમના હસ્તાક્ષર સુંદર હતા. તેમની ભાષા સરળ, મીઠી અને નમ્ર હતી.




**ઉપા. શ્રીવિનયવિજયજી મ.સા.**

તેમણે પોતાનું જીવન શ્રુતસાધનામાં જ વીતાવ્યું હતું. તેમનું ઐતિહાસિક જીવનવૃત્ત પણ તેમની રચનાઓને આધારે જ જાણી શકાય છે. તેમણે પોતાના જીવનમાં નાની મોટી દોઢસોથી વધુ કૃતિઓ રચી છે. તેમણે પોતાના ગ્રંથોમાં સેંકડો શાસ્ત્રોમાં ઉદ્ધરણો ટાંક્યા છે તે જ તેમના અભ્યાસનો વ્યાપ દર્શાવે છે. તેઓ વૈયાકરણ હતા, આગમોના જ્ઞાતા હતા, આગમિક પ્રકરણોના મર્મજ્ઞ હતા. તેઓ અઘરું લખી શકતા હતા છતાં તેમણે દરેક વાત સરળ ભાષામાં જ પ્રસ્તુત કરી. તેમના કાવ્યોમાં સહજ પ્રસાદગુણ જોવા મળે છે. તેઓ શુષ્ક વિષયોનું પણ અલંકાર સભર નિરૂપણ કરી શકતા. તેમને શાસ્ત્ર નિર્માણ ઉપરાંત શાસ્ત્રનું અધ્યાપન કરાવવામાં પણ રુચિ હતી. તેમને શાસ્ત્રો લખવામાં પણ રુચિ હતી. તેમના હસ્તાક્ષર પણ સુવાચ્ય હતા. તેમણે અભ્યાસકાળમાં **નૈષધ ચરિત**ની પ્રત લખી હતી. પોતાના ગુરુ ઉપાધ્યાયજી શ્રી કીર્તિવિજયજી ગણિવર રચિત **વિચારરત્નાકર**નો પ્રથમાદર્શ લખ્યો હતો. તેમણે અનેક ગ્રંથો લખાવીને ચિત્કોષમાં મૂકાવ્યા હતા.

ઉપાધ્યાયજી મહારાજના જીવનમાં મહત્ત્વનો ગુણ જોવા મળે છે- કૃતજ્ઞતા. તેમણે પોતાના દરેક ગ્રંથોમાં પોતાની ગુરુપરંપરાને યાદ કરી છે. લોકપ્રકાશમાં તેમણે પોતાના ગુરુને ચાર વાર યાદ કર્યા છે. એટલું જ નહીં તેમણે ગ્રંથોમાં અનેક સ્થાને પોતાના માતા-પિતાને પણ યાદ કર્યા છે. લોકપ્રકાશમાં તો દરેક સર્ગને અંતે પોતાના ગુરુની સાથે માતા-પિતાનું નામ લઈને સ્મરણ કર્યુ છે.

ઉપાધ્યાયજી મહારાજની સરળતા અને લઘુતાનો પરિચય લોકપ્રકાશ ગ્રંથ દ્વારા થાય છે. લોકપ્રકાશનું સંશોધન ઉત્તરાધ્યયન સૂત્રની વૃત્તિના કર્તા ઉપાધ્યાય **શ્રીભાવવિજયજી** ગણિવરે કર્યુ હતુ. તેના બત્રીસમાં સર્ગમાં નિહ્નવ વક્તવ્યતા અને પરદર્શન ઉત્પત્તિ વિષેના શ્લોકો હતા. સંશોધનકાર ઉપાધ્યાયજી **શ્રીભાવવિજયજી** ગણિવરે તે શ્લોકો કાઢી નાંખવા સૂચન કર્યુ. તે ઉપાધ્યાયજી શ્રીવિનયવિજયજી ગણિવરે સહર્ષ સ્વીકાર્યુ અને તે શ્લોકો મૂળમાંથી દૂર કર્યા. એક સમર્થ વિદ્વાન માટે પોતાની રચનાનું વિસર્જન કરવું કેટલું અઘરું હોય છે તે સમજી શકાય તેવું છે.

તેમને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. લોકપ્રકાશમાં અનેકવાર તેમણે શંખેશ્વર પ્રભુને યાદ કર્યા છે. હૈમપ્રકાશમાં પણ તેનું જ મંગલાચરણ કર્યુ છે. આ સિવાય ઇંદુદૂતમાં પણ પાર્શ્વનાથ ભગવાનનું મંગલાચરણ કર્યુ છે.


ઉપા. શ્રી કીર્તિવિજયજી મ.સા.

ઉપાધ્યાયશ્રી કીર્તિવિજયજી ગણિવરના અન્ય શિષ્ય પંડિતશ્રી કીર્તિવિજયજી ગણિવર ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી ગણિવરના લઘુ ગુરુ ભ્રાતા હતા તેઓ ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજને ગુરુ જેવા માનતા હતા. સંવેગ રસ બાવનીમાં તેઓ ઉપાધ્યાયજી મહારાજની પ્રશંસા કરતા જણાવે છે કે **—ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી ગણિવર વાદીઓનું માન તોડવામાં સિંહ જેવા સમર્થ હતા. તેમણે બે લાખ શ્લોક (અક્ષર?) જેટલું સાહિત્ય રચ્યું છે.**

**ગુરુ ભ્રાતા ગુરુ સારિખો, વિનયવિજય ઉવઝાયા**
**ગ્રંથ બે લાખ જેણે કર્યો. વાદિગજભંજન મૃગરાયા॥૫૧॥**

આ વાત તેમના વાત્સલ્ય ભાવને અભિવ્યક્ત કરે છે.

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવર જ્યાં જ્યાં ચાતુર્માસ કરવા જતા ત્યાં પોતાની અમીટ છાપ છોડીને જતા. ગચ્છપતિનું ગૌરવ વધારતા. તેમણે તે વખતના મોટા કહી શકાય તેવા સંઘોમાં ચોમાસાં કર્યા હતા. લોકોમાં તેમની છાપ બહુશ્રુત ગીતાર્થ રૂપે તો હતી જ, સાથે જ ક્રિયામાં ઉદ્યુક્ત અને સંવેગ ભાવની પરિણતિ ધરાવનાર મહાત્મા તરીકેની હતી. તેઓ પૂજ્ય પંન્યાસ **શ્રીસત્યવિજયજી** મહારાજની સાથે ક્રિયોદ્ધારમાં જોડાયા ન હતા, પણ તેમના પક્ષપાતી જરૂર હતા.


ઉપાધ્યાય **શ્રીભાનુચંદ્રજી** ગણિવરના ચોથા શિષ્ય પંડિત શ્રી **હીરચંદ્રગણી** હતા. તેમણે ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી ગણિવરને લખેલો એક વિજ્ઞપ્તિપત્ર મળે છે. સામાન્ય રીતે વિજ્ઞપ્તિપત્ર ભટ્ટારક આચાર્યને ઉદ્દેશીને લખાય છે. પણ ક્યારેક વિશેષ પૂજ્યભાવ દર્શાવવા ભટ્ટારક સિવાયના પદસ્થ મહાત્માને પણ વિજ્ઞપ્તિપત્ર લખાય છે. ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી ગણિવરને **શ્રી હીરચંદ્રજીએ** લખેલું વિજ્ઞપ્તિ પત્ર પોતે જ ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી ગણિવરના ઉદાત્ત વ્યક્તિમત્ત્વનું ઉદાહરણ છે. સાથે જ તેમાં ઉપાધ્યાયજી મહારાજનું વર્ણન એ વાતનું સશક્ત પ્રમાણ છે કે - તેમણે શ્રમણ સંઘમાં ગૌરવાત્મક સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

વિવિધ ઐતિહાસિક સંદર્ભ સામગ્રીનું અવલોકન કરતા તેમના સાત શિષ્યો વિષે પ્રમાણ મળે છે.

ઉપાધ્યાયજી મહારાજે પ્રાકૃત ભાષામાં એક કૃતિ રચી છે. અર્ધ સંસ્કૃત ભાષામાં એક કૃતિ રચી છે. સંસ્કૃત ભાષામાં બાર કૃતિ રચી છે. ત્રીસ (૩૦) કૃતિઓ મરુગુર્જર ભાષામાં રચી છે. ઉપકૃતિઓ ગણતા કૃતિઓની કુલ સંખ્યા એકસો સત્તાવન (૧૫૭) થાય. તેમણે દર વરસે વંચાતા **કલ્પસૂત્ર**નો અર્થ કરવામાં સરળતા રહે તે માટે સુબોધિકા ટીકા બનાવી. મરણ સમયે આરાધના કરવા માટે **ચતુઃશરણ પ્રકીર્ણક**નો અનુવાદ કર્યો. **પર્યંત આરાધના**ના આધારે **પુણ્યપ્રકાશ સ્તવન** બનાવ્યું. નાનાં બાળકને પણ આવડે તેવું **સિદ્ધારથના રે નંદન વિનવું** સ્તવન બનાવ્યું. આંબિલમાં શું કલ્પે અને શું ન કલ્પે તે સમજાવવા **આંબિલ સજ્ઝાય** બનાવી. પચ્ચક્ખાણ એટલે શું? તેના પ્રકાર કેટલાં? તે સમજાવવા સજ્ઝાય બનાવી. **બાર વ્રત**નું ગીત બનાવ્યું. ઇરિયાવહીમાં કેટલા મિચ્છા મિ દુક્કડં માંગવાના હોય છે તેનું ગીત બનાવ્યું. **ભગવતી સૂત્રની સજ્ઝાય** બનાવી. સૂફી ગીતો બનાવ્યા. નવપદની ઓળીમાં શ્રીપાલ રાજાની કથા તેમણે સરળ ભાષામાં ગુંથી. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ રચ્યું. સંસ્કૃતમાં ગીતગોવિંદ જેવા ગીતો રચ્યા.

તેમનું વિહારક્ષેત્ર ગુજરાત, રાજસ્થાન અને માળવા પ્રદેશ રહ્યા હતા. રાંદેર, પ્રભાસપાટણ, દીવ અને ગંધાર આ ક્ષેત્રોમાં તેમનું વધુ વિચરણ થયું હતું. રાંદેરમાં તેમણે ત્રણ ચોમાસાં કર્યા હતાં. (વિ સં. ૧૭૨૮, ૧૭૨૯, ૧૭૩૮) ગંધારમાં બે ચોમાસાં કર્યા હતાં.વિ.સં. ૧૭૦૬માં તેમણે પ્રભાસપાટણ ચોમાસું કર્યુ હતું. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવર ત્રણ વરસથી ભટ્ટારકની આજ્ઞાથી સૌરાષ્ટ્રમાં વિચરણ કરી રહ્યા હતા.પ્રભાસપાટણમાં તે વખતે મોટો જ્ઞાનભંડાર પણ હતો. તેઓ પીસ્તાલીસ આગમો ઘોળીને પી ગયા હતા. આગમો સિવાય લગભગ એક હજાર જેટલાં શાસ્ત્રો તેમનાં આંગળીના ટેરવે રમતાં. ક્યાં શાસ્ત્રની પોથી ક્યા ભંડારમાં છે? ક્યાં છે? તેનાં ક્યાં પાનાં પર કઇ લીટીમાં કઇ વાત લખી છે. તે તેમના મગજમાં રહેતું. આ જ સંદર્ભની જૂદી વાત બીજા કોઇ શાસ્ત્રમાં હોય તો તે પણ તેમને યાદ રહેતું. તેનો તુલનાત્મક અભ્યાસ રહેતો. આગમની વાતો સરળ ભાષામાં સમજાવવી તેમનું જીવન લક્ષ્ય હતું.

તેમના મનમાં વિચાર આવતો હતો બધા મહારાજ સાહેબ આગમ ભણી શકતા નથી. બધા શ્રાવક આગમ સાંભળી શકતા નથી. ભગવાને આ વિશ્વ વિષે શું વાત કહી છે? તે સામાન્ય લોકોને સરળ ભાષામાં સમજાય તે માટે શુંકરવું જોઇએ? આ વાત તેમના મગજમાં નિરંતર ઘુમતી હતી. તેમને તેમના ગુરુની ભાવના યાદ હતી. તેમના ગુરુની ઇચ્છા હતી આગમિક સાહિત્યનો અભ્યાસ સરળ કરવાની. આ ભાવના પૂરી કરવા તેમણે મગજનું દહી કર્યુ, દહીને વલોવી છાશ બનાવી, તેમાંથી માખણ તારવ્યું. તેઓ આગમના અર્કને શબ્દમાં ઉતરવા પલાઠી વાળીને બેસી ગયા. તેઓ કોઇ કથા ગ્રંથ કે સ્તવન બતાવતા ન હતા. તેઓ એક સંદર્ભ ગ્રંથ બનાવતા હતા. તેમાં એક એક અક્ષરમાં પ્રમાણ જોઇએ. બાવીસસો વરસથી ચાલી આવતી આગમિક પરંપરાને સજીવન કરવાની તેમની મનીષા હતી. આ માટે તેમણે સતત શાસ્ત્રો વચ્ચે રહેવાનું સ્વીકાર્યુ હતું. તેઓ લોકસંપર્કથી દૂર થઇ ગયા. તેમનું કામ પડકાર જનક હતું. શાસ્ત્રોની વાતોને મૂળભૂત સ્વરૂપે સમજવાની, તેને તાર્કિક ક્રમમાં (લોજીકલ ટર્મ) ગોઠવવાની, તેને સરળ શબ્દોમાં ઢાળવાની અને સંસ્કૃતના શ્લોક રૂપે પ્રસ્તુત કરવાની. બે શાસ્ત્રોમાં જૂદી વાત આવે તો નોંધવાની, તેનું શાસ્ત્રસાપેક્ષ સમાધાન આપવાનું. આ સહેલું કામ નથી. તેઓ આગમનો સાર સામાન્ય લોક સુધી પહોંચાડવા માંગતા હતા. એ માટે એમણે લોક શબ્દ પસંદ કર્યો. ત્રણ વરસથી તેઓ આ કામમાં મચી પડ્યા હતા. એક ઇતિહાસનું અવતરણ થવા જઇ રહ્યું હતું. તેમણે માતા, પિતા અને ગુરુની કૃપા મેળવીને હાથમાં દીવો પ્રગટાવ્યો. તેનું નામ લોકપ્રકાશ.


ઉપા. શ્રીવિનયવિજયજી મ.સા.


**અનેકાંતવાદ – વર્તમાન સંદર્ભમાં**

દર મહિનાના છેલ્લા શનિવારે રાત્રે ૮:૩૦ ક. વિવિધ વક્તાઓ દ્વારા અને કાંતવાદ વિષયને અનુલક્ષીને વ્યાખ્યાન પ્રસ્તુત થાય છે.

જિજ્ઞાસુઓ WhatsApp નંબર ૭૭૪૪૦૦૫૭૨૮ પર સંપર્ક કરી જોડાઈ શકે છે.

## લોકપ્રકાશ : પરિચય

જૈન ધર્મના વિશાળ જ્ઞાનરાશિને સમજવા હજારો અલગ અલગ વિષયના ગ્રંથો રચાયા પણ એક જ ગ્રંથમાં જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન સમાઈ જાય તેવા ગ્રંથ જૂજ છે. તત્ત્વાર્થ સૂત્ર આ પ્રકારનો ગ્રંથ છે પરંતુ તેમાં સંગ્રહ મુખ્ય દૃષ્ટિ રહી છે. એક શબ્દને કેંદ્રવર્તિ બનાવી તેના આધારે સમગ્ર જૈન તત્ત્વજ્ઞાનને પ્રસ્તુત કરતો એકમાત્ર ગ્રંથ લોકપ્રકાશ છે.

ઈ. સ. ૧૯૧૦માં જ્યારે લોકપ્રકાશ પ્રથમ વાર પ્રકાશિત થયો ત્યારથી તેને જૈન તત્ત્વજ્ઞાનનો વિશ્વકોશનું (Encyclopedia) બહુમાન મળતું રહ્યું છે. લોકપ્રકાશની રચના શૈલીમાં ચોક્કસ તાર્કિક ક્રમ જોવા મળે છે. 'લોક' શબ્દ લોકપ્રકાશ ગ્રંથનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય છે. લોક સાથે સંકળાયેલા તમામ શબ્દોની વ્યાખ્યા અને વિવરણ લોકપ્રકાશમાં મળે છે. લોકપ્રકાશમાં લોકને ચાર અધિકરણમાં વહેંચવામાં આવ્યો છે. (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ) આ દરેકનાં પેટા પ્રકરણો યોજવામાં આવ્યા છે. છ દ્રવ્યો દ્રવ્યલોકનાં પ્રકરણો છે. ઊર્ધ્વ લોક, અધોલોક અને તિર્યગ્લોક એ ક્ષેત્ર લોકનાં પ્રકરણ છે. સમય વગેરે વ્યવહાર કાળ, કાળલોકનાં પ્રકરણ છે. આ દરેક પ્રકરણનાં પેટા પ્રકરણો પણ છે. દ્રવ્યલોકમાં જીવ, તેના સિદ્ધ સંસારી ભેદ, સંસારી જીવના ઉપપ્રકારો, તેના સાડત્રીસ દ્વારનું વર્ણન છે. ક્ષેત્રલોકમાં સાત પ્રકારની પૃથ્વી, જ્યોતિષ દેવલોક આદિ પેટા પ્રકરણ છે.


**ઉપા. શ્રીવિનયવિજયજી મ.સા. પગલા**

કાળલોકમાં ઉત્સર્પિણી-અવસર્પિણીના છ-છ આરા, ત્રેસઠ શલાકા પુરુષનો ઈતિહાસ જેવો પેટા પ્રકરણો છે. ભાવ લોકમાં ઔદયિક વગેરે છ ભાવો તેના સંયોગો અને ગુણસ્થાનક આશ્રયી તેના સ્થાન આદિ પેટા પ્રકરણો છે.

પ્રસ્તુતિની દૃષ્ટિએ લોકપ્રકાશને ઉપરોક્ત વિષય યોજના મુજબ સાડત્રીસ સર્ગોમાં વહેંચવામાં આવ્યો છે. પહેલા અગિયાર સર્ગ દ્રવ્યલોકના છે. બારમાથી સત્તાવીસ સુધીના સર્ગ ક્ષેત્રલોકના છે, અઠ્ઠાવીસથી પાંત્રીસ સર્ગ કાળલોકના છે, છત્રીસમો સર્ગ ભાવલોકનો છે, સાડત્રીસમા સર્ગમાં વિષયાનુક્રમ અને ગ્રંથકારની ગુરુપરંપરા છે.

તેને અંતે પ્રશસ્તિમાં **મહાવીરસ્વામી**થી પ્રારંભી આચાર્ય **શ્રીવિજયદેવસૂરિજી** સુધીની પટ્ટપરંપરા દર્શાવી છે. તેમ જ પોતાની ગુરુ પરંપરાનો નિર્દેશ કર્યો છે. ગ્રંથનું સંશોધન કરનાર ઉપાધ્યાય **શ્રીભાવવિજયજી** ગણિવર અને પ્રથમાદર્શ લખનાર **જિનવિજયગણિવર** પ્રત્યે બહુમાનભાવ વ્યક્ત કર્યો છે. તેમાં ૧૭૬૨૧ શ્લોક છે. વિક્રમ સંવત **૧૭૦૮માં વૈશાખ સુદ પાંચમ**ના પવિત્ર દિવસે **જૂનાગઢ**માં આ ગ્રંથ પૂર્ણ થયોઅને એક ઈતિહાસનું અવતરણ થયું.

૩૬૯ વરસમાં લોકપ્રકાશની સોથી વધુ પ્રત લખાઈ છે એટલે દર ચાર વરસે એક પ્રત લખાઈ. આ બહુ મોટી ઉપલબ્ધિ છે.

લોકપ્રકાશના ૩૬૯મા પ્રાગટ્યદિને વિનયવંત અને વિદ્યાના ભંડાર ઉપાધ્યાયજી શ્રીવિનયવિજયજી ગણિવરની શ્રુતસાધનાને અનંત વંદન.

## વંદો વિનયવિજય ઉવજ્ઝાય

**(લય-મધુબન ખુશબૂ દેતા હૈ)**

**(રચના - પૂ. મુનિવર શ્રી પ્રશમરતિવિજયજી મ.સા.)**

વંદો **વિનયવિજય** ઉવજ્ઝાય, એની કીર્તિ જગમાં ગવાય
સંસ્કૃત ગૂર્જર હિંદી ભાષાના, ગ્રંથકાર એ મહાકવિરાય
**શાંતસુધારસ** કાવ્ય સરસ, જીવશે જગમાં હજારો વરસ
**શ્રીપાલરાજાનો અદ્ભુત રાસ**, સ્તવન મનોહર **પુણ્યપ્રકાશ**
ગીતિકાવ્ય એ છે સર્વોત્તમ, તે ગાય તેના ટળે છે કષાય
વંદો વિનયવિજય ઉવજ્ઝાય, એની કીર્તિ જગમાં ગવાય....૧
**કલ્પસૂત્ર સુબોધિકા** સબળ, **નયકર્ણિકા**ની ભાષા સરળ
**લઘુપ્રક્રિયા** અને **હૈમપ્રકાશ**, સંસ્કૃત વ્યાકરણ ગ્રંથ બે ખાસ
**વિજ્ઞપ્તિ પત્ર** અને **ઈન્દુદૂત, જિનસહસ્રનામ સ્તોત્ર** સુખદાય
વંદો વિનયવિજય ઉવજ્ઝાય, એની કીર્તિ જગમાં ગવાય.... ૨
**લોકપ્રકાશ** મહાગ્રંથ અથાગ, દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ વિભાગ
વિક્રમ સંવત સત્તરસો આઠ, વૈશાખ સુદ પાંચમ શુભ પાઠ
વિશ્વકોશ સમી મહારચના, જૂનાગઢ તીર્થે પૂર્ણ થાય
વંદો વિનયવિજય ઉવજ્ઝાય, એની કીર્તિ જગમાં ગવાય....૩
**સ્તવનચોવીશી** હૃદયંગમ, **આદિજિનવિનંતી** અનુપમ
**વિનયવિલાસ**માં છે આત્મજ્ઞાન, જગવે હૈયામાં શુભધ્યાન
રચનાઓ સોથી વધારે કરી, લાખો જનો એનો કરે સ્વાધ્યાય
વંદો વિનયવિજય ઉવજ્ઝાય, એની કીર્તિ જગમાં ગવાય....૪
**હીરસૂરીશ્વરજી** તપગચ્છરાય, શિષ્ય **કીર્તિવિજય** ઉવજ્ઝાય
એ છે વિનયના ધન્ય ગુરુરાય, વિનયના શિષ્યો ધન્ય ગણાય
ધન્ય **રાજશ્રી** માતા સુખદાય, ધન્ય પિતા **તેજપાલ** વખણાય
વંદો વિનયવિજય ઉવજ્ઝાય, એની કીર્તિ જગમાં ગવાય....૫

## અવસર



તા. ૨૬-૦૪-૨૦૨૧ના દિવસે ક્લાઉડ નાઈન સોસાયટીમાં માતુશ્રી **શ્રીમતી પુષ્પાબેન હસમુખરાય શાહ** પરિવારના ગૃહજિનાલયની ખનન વિધિ સાનંદ સંપન્ન થઈ.



તા. ૨૧-૫-૨૦૨૧ના દિવસે **શાંતા-કાંતા નિવાસ**, કોંઢવામાં શ્રી **શંખેશ્વર પાર્શ્વનાથજિનાલય**ની શિલાસ્થાપના વિધિ થઈ. જિનાલય નિર્માણનો લાભ સ્વ. **સોહનલાલ ટેકચંદજી ગુંદેચા** (જાલોર) પરિવારે પ્રાપ્ત કર્યો છે.






તા. ૧૬-૦૫-૨૦૨૧ના દિવસે પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી **વિનયવિજયજી** રચિત લોકપ્રકાશ ગ્રંથના ૩૬૯માં પ્રાગટ્ય દિનની હર્ષભરે ઉજવણી થઈ. ઉપાધ્યાય શ્રી તેમ જ લોકપ્રકાશ ગ્રંથની પૂજા સંપન્ન થઈ. નાગપુરમાં પણ આ દિવસે ગુણાનુવાદ થયા. લોકપ્રકાશ ગ્રંથની મહત્તા સાંભળી પ્રેરાયેલા યુવાનોએ આ ગ્રંથ ભણવાની ઈચ્છા વ્યક્ત કરી. અને તેની વાચના શરુ થઈ ગઈ છે.




શ્રુતભવનમાં પૂજ્ય મુનિવર વૈરાગ્યરતિવિજયજી ગણિવર દ્વારા સંપાદિત **'મારા જીવનનો વળાંક'** તેમ જ પૂજ્ય મુનિવર પ્રશમરતિવિજયજી મ.સા. દ્વારા લિખિત **'પ્રેમાયણ'** પુસ્તકનું વિમોચન થયું.



## કાર્યવિવરણ

શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ અંતર્ગત **લોકપ્રકાશ, પૃથ્વીચંદ્રચરિત્ર, પ્રવચનવિચારસાર, પ્રદેશીરાજા ચરિત્ર, ઉપદેશશત સહ અવચૂરિ, હૈમવિભ્રમ સહ ટીકા, નામાખ્યાતીય વૃત્તિ, ઉપા. શ્રી વિનયવિજયજી મ.સા. કૃતિ -સંકલન અને સંપાદન** અને **અગ્યાર અંગ સજ્ઝાય**નું સંપાદન કાર્ય ચાલુ છે. પૂ. સા. શ્રી **મધુરહંસાશ્રીજી** મ. **પ્રદેશી રાજા ચરિત્ર**નું લિપ્યંતર કરે છે. પૂ. સા. શ્રી. **ધન્યહંસાશ્રીજી** મ. **પર્યુષણચિંતામણિ પ્રકરણ સહ ટબાર્થ**નું લિપ્યંતર કરે છે.

**વર્ધમાન જિનરત્નકોશ** પ્રકલ્પ અંતર્ગત પૂ. આ. શ્રી **મુનિચંદ્રસૂ.** મ.સા., પૂ. આ. શ્રી **રત્નચંદ્રસૂ.** મ.સા., પૂ. આ. શ્રી **શીલચંદ્રસૂ.** મ.સા., પૂ. શ્રી **સંભવચંદ્રસાગર** મ.સા., પૂ. શ્રી **કલ્યાણપદ્મસાગર** મ.સા., પૂ. મુ. શ્રી **મુક્તિશ્રમણવિ.** મ.સા., પૂ. પં. શ્રી **ઉદયરત્નવિ.** મ.સા.,પૂ. મુ. શ્રી **શ્રુતાંગચંદ્રવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **દેવર્ષિવલ્લભવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **સુયશચંદ્રવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **શીલચંદ્રવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **ચંદ્રદર્શનવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **વંદનરુચિવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **વિરતીંદ્રવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **સિદ્ધસેનવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **નિરજ મુનિજી** મ.સા., પૂ. સા. શ્રી **સંબોધિજી** મ.સા., ડૉ. **જિતેંદ્ર શાહ**, શ્રી **અનુપમ જૈન**, શ્રી **મહેંદ્રકુમાર જૈન** તથા શ્રી **શ્રેણિક શાહ**ને હસ્તપ્રતસંબંધિ માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવ

ઝેલ્ટસ્ કૉસ્મેટીક્સ પ્રા. લિ. મુંબઈ
શ્રી શશીભાઈ શેઠ, પુણે
શ્રી નલિનકાંત જીવતલાલ દલાલ, પુણે
શ્રી અભય શ્રીશ્રીમાળ (અભુષા ફાઉંડેશન) ચેન્નઈ
**Riceary Food Products Pvt. Ltd., Mumbai**
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે. મૂ. જૈન સંઘ, ઘાટકોપર, મુંબઈ
શ્રી હરેશભાઈ બાબુલાલ શાહ, આદિનાથ સોસાયટી, પુણે
શ્રી સુમતિનાથ સ્વામી જૈન દેરાસર, નાગપુર
શ્રી શાંતિનાથ શ્વે. મૂ. જૈન સંઘ, કોંઢવા બુ., પુણે
**D.M. Metalloys Pvt. Ltd**
શ્રી જૈન શ્વે. મૂ. જૈન સંઘ, કાંદીવલી, મુંબઈ
શ્રી શત્રુંજય દર્શન સોસાયટી જૈન સંઘ, એકબોટે કોલની, પુણે
શાસન પ્રભાવક પૂ. આ. ભ. વિ. ધર્મસૂરિજી મ.ના સમુદાયના પૂ. સા. શ્રી ભવ્યયશાશ્રીજી તથા પૂ. સા. શ્રી સૌરભયશાશ્રીજીના સદુપદેશથી ભદ્રવન પ્રતિક્રમણ મંડળ હસ્તે- સુનીતા, ફતેહપુરા, અમદાવાદ
ઋતુરાજ સોસાયટી મહિલા મંડળ, સાતારા રોડ, પુણે
**New Poona Cotton Factory, Pune**
શ્રી જૈન શ્વે. મૂ. સંઘ, બોરીવલી, મુંબઈ
શ્રીમતી જયશ્રીબેન બી. શાહ, મુંબઈ
શ્રી હેમચંદ્ર પરિવાર, લેકટાઉન, પુણે
શ્રીમતી કવિતાબેન રિતેશભાઈ કોઠારી, લેકટાઉન, પુણે
શ્રી યોગેશભાઈ ચિમનલાલ શાહ, પુણે
શ્રી ભંડારી અનેશ્રી કાસવા પરિવાર, કલ્યાણ સોસાયટી, પુણે
જાગૃતિ કિંજલ શાહ, અમદાવાદ
શ્રી ઓસવાલ પરિવાર, કલ્યાણ સોસાયટી, પુણે
પદ્માવતી પ્લાય
શ્રી દેવાંગભાઈ પુંડરીક ઝવેરી, મુંબઈ
શ્રીમતી ઉર્વશીબેન શાહ
શ્રી સુધીરભાઈ એસ. કાપડિયા, મુંબઈ
શ્રી ચંદ્રકાંત પી. શાહ, મુંબઈ
સૌ. સોનલબેન સંતોષજી પરમાર
શ્રી તપાગચ્છ સંઘ, મોટા વડાલા, જામનગર
શ્રી પ્રદીપ એન. મેહતા, અમદાવાદ
શ્રીમતી મલ્લિકા પી. મેહતા, અમદાવાદ
શ્રી પ્રશાંત પી. મેહતા, અમદાવાદ
શ્રીમતી વાસંતી પી. મેહતા, અમદાવાદ
શ્રીમતી પલકબેન એ. રૉય, અમદાવાદ
શ્રી દિલીપભાઈ ભોગિલાલ શાહ, અમદાવાદ
શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ, અમદાવાદ
શ્રી સમીરભાઈ શાહ, અમદાવાદ
શ્રી વિરલભાઈ શાહ, અમદાવાદ
શ્રી રોનક કેતનભાઈ શાહ, અમદાવાદ

## પ્રતિભાવ (અભિપ્રાય)

Respected Ganivarya Shri Vairagyarati Vijayji,

"Mara Jeevan no Valaank" has been one of my most enjoyable reads in a while. Personal experiences always give a deeper insight to the reader, and this book does just that. There were mainly two categories of mahatmas in the book. The first category of mahatmas led a sincere and perfectionist life of a Shravak before they took Diksha. Their narrations filled me with inspiration to do better and better, at least as a Shravak. On the other hand, there were mahatmas who before Diksha lived a carefree life like me, but suddenly changed completely after coming in touch with the Guru Tattva. Accounts of their lives filled me with hope. 'It's not too late, maybe I can bring about a turning point in my life too', I think. Almost all narrations compiled in the book unequivocally remind us that all accomplishments in our life are due to the grace of Guru Bhagwant. This book expanded my vision, and increased the respect I have for my Gurudev. I hope to see more of such literature in the near future!

Sincerely, **Parshva Shah, Mumbai**

## સુવાક્ય

**तब लग जग भूलो भमे, तब लग सिवपुर दूर।**
**जब लग हृदय न उगमो, आतम अनुभव सूर॥३॥**

**मन बंधव विनती करुं, छोडन चपल स्वभाव।**
**सज्ज थई संभालीयें, अविचल आतमभाव॥४॥**

धर्मजिन स्तवन (उपमितिकथा गर्भित)
कर्ता - उपा.श्री विनयविजयजी

## Printed Matter

**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

**To,**

**From : Shrutbhavan Research Centre**
**(Initiation of Shrutdeep Research Foundation)**
47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org

For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel